# ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ

# A Study of Multiple Intelligence of Higher Secondary School Students in Context to Certain Variables

*સંશોધક*
*મેઘના એચ.સાગર*
*પીએચ.ડી. સ્કોલર,*
*ગુજરાત યુનિવર્સિટી*

*માર્ગદર્શક*
*ડૉ.ભાવેશ કે.શાહ*
*પ્રિન્સિપાલ,*
*આકાર અધ્યાપન મંદિર બી.એડ્.કોલેજ,*
*ઓગણજ, અમદાવાદ-***60.**

## 1. *પ્રસ્તાવના*

*આજના યુગમાં જ્યારે જ્ઞાનનો વિસ્તાર સતત વધી રહ્યો છે ત્યારે વ્યકિતની જ્ઞાન મેળવવાની ઈચ્છમાં સતત વધારો થતો જાય છે. તેથી વ્યક્તિએ સતત તે જ્ઞાનથી અવગત રહેવું જરૂરી બને છે. વ્યક્તિ આ જ્ઞાન લેવા માટે તથા નવા જ્ઞાનનું સર્જન કરવા માટે પોતાનામાં સંચિત બુદ્ધિનો ઉપયોગ કરે છે. આ બુદ્ધિની મદદથી તે નવા જ્ઞાનનું નિર્માણ કરે છે તથા નવા જ્ઞાનને અર્જીત કરે છે. આમ વ્યક્તિની બુદ્ધિ એ તેની પ્રગતિમાં ખૂબ અગત્યનું પાસુ બની રહે છે. તેથી વર્તમાન યુગમાં વ્યક્તિ માત્ર એક જ ક્ષેત્રમાં તેની બુદ્ધિનો ઉપયોગ કરે તે મર્યાદિત નથી પણ દરેક ક્ષેત્રનું જ્ઞાન મેળવવા તેની બુદ્ધિનો ઉપયોગ કરે તે ખૂબ જ અગત્યનું બની રહે છે. આમ દરેક ક્ષેત્રમાં વ્યક્તિ જ્ઞાન ધરાવતો હોય તો તેને બહુવિધ બુદ્ધિત્વ (*Multiple Intelligence) *તરીકે ઓળખવામાં આવે છે. હાલની પરિસ્થિતિમાં સતત બદલાતા જતા વિશ્વ સાથે ટકી રહેવા માટે બહુવિધ બુદ્ધિત્વ હોવું જરૂરી બને છે. તેથી હાલમાં માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેટલા પ્રમાણમાં બહુવિધ બુદ્ધિત્વ ધરાવે છે તેનો અભ્યાસ કરવાના ભાગરૂપે તથા તેમના બહુવિધ*

*બુદ્ધિત્વ પર તેમની સામાન્ય બુદ્ધિ અને શૈક્ષણિક સિદ્ધિ કેટલા પ્રમાણમાં અસર કરે છે તે જાણવાનાં ભાગરૂપે સંશોધન કર્તાએ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના બહુવિધ બુદ્ધિત્વનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવાની વિચારણા કરવામાં આવી છે.*